વલસાડ જીલ્લાની સારી કામગીરી

૧	(૧) પો.ઇ.શ્રી. જે. કે.ડાંગર **SOG** વલસાડ (૨) HC સયદ બાબનભાઇ વાઢુ (૩) આ.પો.કો. અરસદ યુસુફ બ.નં.૨૩ (૪) એલ.આર.પો.કો. કુલદીપસિંહ ધર્મેન્દ્રસિંહ બ.નં.૬૧૨	(૧) ગઇ તા.૦૬/૦૧/૨૦૨૦ ના રોજ આ.હે.કોન્સ સયદ બબનભાઇ વાઢુ બ.નં.૨૪૮ ને મળેલ બાતમી હકીકત આધારે મોજે ભાથેરી ગામ મુળગામ ફળીયા આરોપી પ્રવિણભાઇ સામજીભાઇ ખરપડે ના રહેણાંક ઘરમાંથી ગેકા રીતેનો એક્ષપ્લોજીવનો જથ્થો સાદા ડીટોનેટર નંગ -૪૯ કિં.રૂ.૯૮૦/- તથા જીલેટીન સ્ટીક (ટોટા) નંગ ૧૫ કિં.રૂ.૧૫ કિંમત રૂ.૧૮૭૫/- તથા સેફ્ટી ફ્યુઝ વાયર નંગ - ૨, કિંમત રૂ. ૨૮૦/- મળી કુલ્લે કિંમત રૂ.૩૧૩૫/- ની મત્તાનો એક્ષપ્લોજીવનો મુદ્દામાલ પકડી પાડી આરોપી પ્રવિણભાઇ સામજીભાઇ ખરપડે રહેવાસી.ભાથેરી, મુળગામ ફળીયા તા.કપરાડા જીલ્લો.વલસાડ ને વોન્ટેડ જાહેર કરી તેના વિરૂધ્ધમાં નાનાપોંઢા પોલીસ સ્ટેશન ગુ.રજી.નં.૧૧૨૦૦૦૫૦૦૦૦૮/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૨૮૬ તથા એક્સપ્લોઝીવ એક્ટ કલમ ૧૮૮૪ ની કલમ ૯બી,(૧)બી તથા એક્ષપ્લોઝીવ સબસ્ટન્સીસ એક્ટ ૧૯૦૮ ની કલમ ૫ એ મુજબનો ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ છે. (૨) ગઇ તારીખ.૨૫/૦૧/૨૦૨૦ ના રોજ આ.પો.કો. અરસદ યુસુફ બ.નં.૨૩ તથા એલ.આર.પો.કો. કુલદીપસિંહ ધર્મેન્દ્રસિંહ બ.નં.૬૧૨ નોકરી એસ.ઓ.જી વલસાડ (કેમ્પ વાપી) નાઓને સંયુકત રાહે મળેલ બાતમી હકિકત આધારે મોજે ભીલાડ NH-48 પાસે આવેલ અવધ હોટલ સામે, ભીલાડ થી વાપી તરફ જતા NH-48 રોડ પાસે આવેલ ટાયર પંચરની દુકાનની બાજુમાંથી આરોપી જગદીશ S/O રાયચંદ બિશ્નોઇ ઉ.વ.૪૭ રહેવાસી. હાલ સરીગામ જી.આઇ.ડી.સી, નારગોલ ચારરસ્તા, બી.એસ.એન.એલ ઓફીસ પાસે આવેલ બીરબલભાઇની સરસ્વતિ ફેક્ટરીમાં તા.ઉમરગામ જીલ્લો. વલસાડ મુળ રહેવાસી. મુ.પોસ્ટ. ભાલન, ૫૨ જગરૂપ કીઢાણી તા.થાના. બાગોડા જીલ્લો.જાલોર રાજસ્થાનના કબ્જામાંથી ૧ કિલો ૯૮૦ ગ્રામ અફીણ કિ.રૂ. ૧,૯૮,૦૦૦/- , રોકડા રૂપીયા ૬૨૦/- તથા એકટીવા મોપેડ નં GJ-15-BE-7314 કિ.રૂ. ૫૦,૦૦૦/- તથા વીવો મોબાઈલ ફોન નંગ- ૧ કિ.રૂ. ૧૦,૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૨,૫૮,૬૨૦/- ની મત્તાના મુદામાલ સાથે આરોપીને પકડી પાડી આરોપી વિરૂધ્ધમાં ભીલાડ પો.સ્ટે. ગુ.૨.નં. ૧૧૨૦૦૦૭૨૦૦૧૦૩/૨૦૨૦ ધી નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટન્સીસ એકટ ૧૯૮૫ની કલમ ૮(સી),૧૭(બી),૨૯ મુજબનો ગુન્હો રજીસ્ટર કરાવવામાં આવેલ છે. આમ એસ.ઓ.જી શાખા દ્વારા માહે ૦૧/૨૦૨૦ દરમ્યાન ઉપરોક્ત જણાવેલ વિગતે એક્ષપ્લોઝીવ એકટ તેમજ એન.ડી.પી.એસ એકટ હેઠળના ગુન્હાઓ શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે.